The Economic Times (Gujarati)

February 29, 2016
Page No. 3

EDI

# ગુજરાતના 30 સ્ટાર્ટ-અપ્સ આઈડિયાને EDIનું ફંડિંગ

ઇટી બ્યૂરો
અમદાવાદ

વિશ્વના સૌથી યુવાન દેશ ભારતમાં સ્ટાર્ટ-અપનો યુગ શરૂ થયો છે અને અમેરિકા તથા યુકે બાદ સ્ટાર્ટ-અપમાં ભારત વિશ્વમાં ત્રીજા ક્રમે છે. ભારતના સ્ટાર્ટ-અપ્સે ગયા વર્ષે ₹૫૦,૦૦૦ કરોડનું ભંડોળ મેળવ્યું છે. સ્ટાર્ટ-અપને પ્રોત્સાહન માટે રાજ્ય તથા કેન્દ્ર સરકાર પણ નવી પોલિસીઓ જાહેર કરી રહી છે. ત્યારે અમદાવાદ સ્થિત ઈડીઆઈએ ગુજરાત સીએસઆર ઓથોરિટી તથા ગુજરાત સીડ્સ કોર્પોરેશન લિમિટેડના સહયોગથી ગુજરાતના નવીનતમ બિઝનેસ આઈડિયા શોધવા માટે એમ્પ્રેસારિયો-૨૦૧૬નું આયોજન કર્યું હતું.ઈડીઆઈ દ્વારા રાજ્યના ૧૦ જિલ્લામાં બૂટકેમ્પ્સનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રાજ્યના ઉદ્યોગસાહસિકોએ બિઝનેસ માટેના ૧૩૫ આઈડિયા રજૂ કર્યા હતા. તેમાંથી ૩૦ આઈડિયા વિકસાવવા માટે ₹૪૦ હજાર સુધીનું ફંડ આપવામાં આવશે. પસંદગી પામેલા આઈડિયા મહદ્ અંશે કૃષિ, પુનઃપ્રાપ્ય ઊર્જા, કળા અને હસ્તઉદ્યોગ તથા ડિજિટલ ટેક્નોલોજી સાથે સંકળાયેલાં છે. ઈડીઆઈના ડિરેક્ટર સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, ‘ઈડીઆઈ સહિત તમામ સ્થળે ઉદ્યોગસાહસિકતા અંગે હાલમાં જે પ્રકારનો માહોલ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે તે અગાઉ ક્યારેય જોવા નથી મળ્યો.